# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૨**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજનાં અસાધારણ કાર્યો...
(૧) ☐ 'સ્વામિનારાયણ' નામથી પોતાનું ભજન (૨) ☐ પોતાનાં શાસ્ત્રોની રચના
(૩) ☐ મંદિરોની રચના (૪) ☐ દૂધપીતીનો રિવાજ બંધ કરાવ્યો.

૨. અક્ષરબ્રહ્મનું સર્વ તત્ત્વોથી ભિન્નપણું
(૧) ☐ અક્ષરતત્ત્વનો અંતર્ભાવ અન્ય કોઈ તત્ત્વમાં થઈ શકે તેમ નથી.
(૨) ☐ માયા જડ છે, જ્યારે અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદમય છે.
(૩) ☐ જીવ-ઈશ્વર સંખ્યાની દૃષ્ટિએ અનંત છે, જ્યારે અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે.
(૪) ☐ પ્ર. ૧૦ અને અં. ૭ પ્રમાણે અનાદિ હોવાને લીધે અક્ષરબ્રહ્મ ભિન્ન તત્ત્વ છે.

૩. પરબ્રહ્મમાં આ છ ભગ (ઐશ્વર્ય) હોય છે.
(૧) ☐ જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય, તેજ (૨) ☐ શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, સુખ, આનંદ
(૩) ☐ ગાંભીર્ય, માધુર્ય, ચાતુર્ય, સ્થૈર્ય, શૌર્ય, ધૈર્ય (૪) ☐ આર્જવ, માર્દવ, સત્ય, ઔદાર્ય, વાત્સલ્ય, સૌશીલ્ય

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. પ્રત્યેક બ્રહ્માંડ કયા આઠ આવરણેયુક્ત હોય છે ?
૨. સાકારપણાની નિષ્ઠા હશે તો શું થશે ?
૩. વર. ૧૨ પ્રમાણે ભગવાનનો અભાવ આવે તો કેવો જીવ કેવો થઈ જાય છે ?
૪. પરબ્રહ્મ શા માટે સદૈવ એક અને અદ્વિતીય જ રહે છે ?
૫. બ્રાહ્મીસ્થિતિને પામેલા જીવન્મુક્તને કેવો સાક્ષાત્કાર રહે છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ** :- "બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ, મનનાદિકે કરીને કરે." (લોયા - ૭)
**ઉત્તર** :- બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ

૧. જીવન્મુક્તિ એટલે દેહ છતાં જ મુક્તિનો અનુભવ.
૨. તે સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે.
૩. જેવા મહારાજ છે ને જેવા સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે તો નિરંતર અભાગિયા છે.
૪. બ્રહ્મના અંશ રૂપે જીવની ઉત્પત્તિ થતી નથી, પરંતુ જીવ તો અનાદિ જ છે.
૫. પોતપોતાના કારણ દેહથી યુક્ત બદ્ધ જીવો અને ઈશ્વરો સહિત માયા પણ અક્ષરબ્રહ્મના તેજમાં લીન થઈ જાય છે.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ** :- અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવા માટે
**ઉત્તર** :- ૧. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ ૨. અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા ૩. અક્ષરરૂપ થવા અક્ષરબ્રહ્મની અનિવાર્યતા

૧. પરબ્રહ્મ
૨. સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. જીવનું અણુ પરિમાણ અને જીવોનું અનેકત્વ **અથવા**
૨. પરબ્રહ્મનું અંતર્યામી સ્વરૂપ પણ સાકાર- મૂર્તિમાન જેવું
૩. અક્ષરબ્રહ્મના સ્વરૂપને સમજવાની અનિવાર્યતા : શ્રીજીમહારાજનો હૃદયગત અભિપ્રાય - સિદ્ધાંત છે માટે **અથવા**
૪. શ્રીજીમહારાજ સર્વોપરી - દુર્ગપુર માહાત્મ્ય અને શ્રી હરિલીલાકલ્પતરુના આધારે

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ : એક દસ્તાવેજી પત્રના આધારે

૨. પરબ્રહ્મનું વ્યતિરેક સાકાર સ્વરૂપ કેવું ?

**વિભાગ - ૨ : 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે**

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી અને યોગાનંદ સ્વામીના યોગમાં ભગતજી

૨. સંપ્રદાયના મોટેરાઓના ભગતજી વિશેનાં મંતવ્યો

૩. અમદાવાદમાં ભગતજીએ કરેલી જ્ઞાનવાર્તા

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. ભગતજીને સ્વામીના ત્રણ વરદાન

૨. પેટલાદમાં મુસ્લિમ જમાદારને ભગતજીએ કરેલો જ્ઞાનોપદેશ

૩. ભગતજી મહારાજનો ખાનદેશમાં પ્રભાવ

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. હાથછૂટી બલા થઈ ગઈ.　　૨. સત્પુરુષનો હેડો.

૩. રઘુવીરજી મહારાજને દર્શન.　　૪. હું તો ભગવાનનો ટેડેલ છું.

૫. નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ?

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. કૃષ્ણસ્વરૂપદાસ (અમદાવાદ)　　૨. દામા શેઠ (મહુવા)

**વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે**

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કોની બુદ્ધિ ભેદાતી નથી ?

૨. કયા વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવાનું કહ્યું છે ?

૩. કેવા માણસોનો દુકાળ છે ?

૪. સ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે મહારાજે તેમને શું કહ્યું ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. 'હું મારા મહિમાના પારને પામતો નથી.... ' દ્વારા મહારાજ શું સમજાવે છે ?

૨. પંચવિષય કરીને ધગેલા જીવને ક્યારે ટાઢું થાય ?

૩. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી શેમાં સુખ મનાય છે ? કોની જેમ ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. મેમણ ચડ્યો પોઠિયે ને હાથમાં લીધી લાકડી.

૨. પાકેલ ગૂમડાંનું દૃષ્ટાંત અને સિદ્ધાંત સમજાવો.

૩. આવરદા વગર મહારાજે સ્વામીને રાખ્યાનો હેતુ.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.**
**(આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. સત્સંગિજીવન ગ્રંથમાં બધાએ મહારાજને બીજા અવતાર જેવા લખવાનું કહ્યું.

૨. શ્રીજીમહારાજ ગ. પ્ર. ૪૨માં કહે છે, 'ગમે તેવા મોટા હોય, પણ કુસંગે કરીને તેનું ભૂંડું જ થાય છે.'

૩. સ્વરૂપાનંદ સ્વામીને શ્રીજીમહારાજથી જુદા પડતા ત્યારે લોહીના ટશિયા ફૂટે એવું વિરહનું તેમને દુઃખ થતું.

૪. પંચવિષયો તો દમઘોષના દીકરા જેવા છે ભગવાનને વરવા દેતા નથી.

* * *

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**